# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/ક્વા-૦૧/૨૦૨૦-૨૧/૯૮ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૩/ક્વા-૦૧/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી કેતનભાઈ વી. મોરી ગામ – ભુવા ટીંબી

સબડીવીઝન: પ્રાંચી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: શુક્રવાર (૦૯.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૧૦.૨૦૨૦ (શુક્રવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, -કેતનભાઈ વી મોરી પ્રોપરાઈટર આસ્થા સિમેન્ટ પ્રોડક્ટ (msme uam no.GJ30A0002341)જ્યોતિગ્રામ યોજના હેઠળ ઔધોગિક થ્રી ફેઝ કનેક્શન ગ્રાહક નં – ૮૧૩૧૧૦૦૫૫૫૨ થી ધરાવે છે અને તેઓના ઔદ્યોગિક એકમમાં સિમેન્ટ દ્વારા બનતી પ્રોડક્ટ નું ઉત્પાદન થઈ રહ્યુછે તેવા સમયે વેરાવળ ડિવિઝનની અંદર આવતા પ્રાચી સબડીવીઝનમાં આવેલ રામેશ્વર JGY ફીડર માંથી તેઓને પાવર મળે છે પણ છેલ્લાં બે મહિનાથી પૂર્વ જાણ કર્યા વગર

વારંવાર પાવર કટ થાય છે અને બહુ લાંબો સમય પાવર કટ પણ રહે છે. તેને કારણે તેઓનો સિમેન્ટ આધારે બનતો તમામ માલ બગડી જાય છે અને મોટી આર્થીક નુકશાની ભોગવવી પડે છે તેમજ આ વારંવાર રોજ કરવામાં આવતા પાવર કટ બાબતે સ્થાનિક સબ ડિવિજનમાં ફોન કરીએ તો રોજ લગભગ એકજ જવાબ આપે છે કે રીપેરીગમાં છે અને કયારે પાવર ફરી આપશે તે ચોક્કસ ખબર નથી તેવા જવાબો મળે છે તો આપ સાહેબ શ્રીને વિનંતી કે આમ જાણ કર્યા વગર રોજ વારંવાર પાવર કટ થવાને કારણે મારો ઔધોગિક એકમ સિમેન્ટ ની પ્રોડક્ટ વાળો હોવાને કારણે માલ બગડી જવાથી મને મોટી આર્થીક નુકશાની જાય છે સરકારશ્રી  દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે અનેક પ્રયત્નો અને માર્ગદર્શન તથા આર્થિક સહાય આપવાંમાં આવેછે પરંતુ પાયાની જરૂરિયાત વીજળીની અનિયમિતતા અમારા ગ્રામ્ય વિસ્તાર ના વિકાસ માટે અડચણ રૂપ સમસ્યા છે  જે બાબતે પાવર રેગ્યુર થાય અને પાવર કટની જાણકારી આગલાં દિવસે મળી જાય એમ ઘટતું કરવા વિનંતી સાથે મારા લાઈટબીલની નકલ સામેલ છે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની રજૂઆત મુજબ જણાવવા નું કે અરજદાર શ્રી કેતનભાઈ મોરી દ્વારા જ્યોતીગ્રામ ફિડર માં પૂર્વ જાણ કર્યા વગર કરાતા વારંવાર વિજકાપ બાબત કેસ નોંધણી કરાવેલ તેની હકીકત નીચે મુજબ છે.

3.૧ શ્રી કેતનભાઈ વી.મોરી ના હયાત વિજજોડાણ ને ૧૧ કેવી રામેશ્વર જ્યોતિગ્રામ વીજ ફિડર દ્વારા વિજપુરવઠો પૂરો પાડવા માં આવે છે. સદર ફિડર દ્વારા કુલ ચાર (૪) ગામો ને વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. હાલમાં સદર રામેશ્વર જ્યોતીગ્રામ વિજ ફિડરમાં છેલ્લા બે (૨) માસ (૦૭-૦૪-૨૦૨૦ થી ૦૮-૦૬-૨૦૨૦ સુધી ) માં કુલ ૧૪૮૮ કલાક પૈકી ૧૪૪૩ કલાક એટલેકે ૯૯.૯૭ % સમય વીજ પુરવઠો ઉપલબ્ધ થયેલ છે

3.૨ વધુમાં પવન ,વરસાદ,આકસ્મીક ફોલ્ટ , અકસ્માત તથા સલામતી ના સંદર્ભે વીજ પુરવઠો બંધ થતો હોય છે પરંતુ તેવા સંજોગો માં પણ ઉપલબ્ધ સ્ટાફ દ્વારા મહતમ પ્રયાસ કરી વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવામાં આવે છે.

3.3 આમ, હયાત સંસાધનો ના શ્રેષ્ઠ ઉપયોગ થી નહીવત વિજવિક્ષેપો સાથે સતત વીજ પુરવઠો પૂરો પાડવા નો ઉતમ પ્રયાસ કરવામાં આવેલ છે જે આપને વિદિત થવા બાબત.

## :: હુકમ ::

૪.૦ અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ એબી કેબલ તેમજ ડીઓ ફ્યૂઝ લગાડી તથા મેંઈનટનન્સ કરી વીજ સાતત્ય જળવાઈ રહે તે માટે કાર્યપાલક ઈજનેરશ્રી ને તાકીદ કરવામાં આવે છે.

૪.૨ મુદ્દા નં. ૩.૧ મુજબ અરજદારશ્રી ને પાવર સપ્લાય યોગ્ય રીતે પૂરું પાડવા માટે માસ મેંઈનટનન્સ કરવા અને પાવર સપ્લાય માટે પૂરતી સુવિધા આપવા માટે પીજીવીસીએલ ને અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯